# "નૂતન ગુજરાતમાં થયેલી પુરાતત્વીય શોધખોળો" (૧૯૬૦ પછી)

પ્રસ્તુતકર્તા :- પ્રા. ડી.એમ.પટેલ
વ્યાખ્યાતા ઈતિહાસ
જી.ડી.મોદી કોલેજ ઓફ આર્ટ્સ
પાલનપુર

The archaeology tells us the story of man and the gradual progress he made and how the present positions in achieved.

ગુજરાત પુરાવસ્તુ સાધન સામ્રગી ભારતના અન્ય રાજ્યો કરતા ઘણું સમૃધ્ધ છે. ઈતિહાસ અતીત સાથે સબંધ ધરાવે છે. પુરાતત્વ ઈતિહાસનો મહત્વનો સ્ત્રોત છે. ઈતિહાસના અન્વેષણમાં આપને જેમ અતીત તરફ વધુને વધુ પાછળ જઈએ તેમ પુરાતત્વનું મહત્વ ઉતરોતર વધતું જાય છે. પુરાતત્વવિદ્યા એ ઈતિહાસ નો પ્રાણ છે. તેના દ્વારા જ અધારભુત ઈતિહાસ જાણી શકાય છે.

પુરાતત્વમાં પુરા સબળ એટલે જુનું પુરાણું તત્વ તેમાં રહેલી ફિલસૂફીનો અભ્યાસ કે શોધનો સમાવેશ. ઉત્ખનન (ખોદકામ)નો હેતુ પ્રાચીન સંસ્કૃતિના અત્યાર સુધીના અજ્ઞાત પ્રશ્નોનો ઉકેલ મેળવવાનો હોવો જોઈએ, જે સ્થળે ખોદકામ કરવાનું હોય તેનો ઈતિહાસ મેળવવાનો, નહિ કે સુંદર વસ્તુ પ્રાપ્ત કરવાનો ગુજરાતમાં પુરાતત્વ ઈ.સ.૧૮૬૧માં શરૂઆત જેમ્સ બર્ઝેસ અને હેનરી કઝીન્સ "આર્કિયોલોજી ઓફ ગુજરાત" પુરાતત્વ જાણવા માટે ગુજરાતનું બાઈબલ છે. ૧ મેં ૧૯૬૦ માં ગુજરાત રાજ્ય મુંબઈ રાજ્યમાંથી અલગ થયું. ગુજરાતમાં પ્રાગ ઈતિહાસના સંસોધનનો પાયો નાખનાર રોબર્ટ બુસ્ફુટ હતા. ગુજરાતમાં પ્રાગ ઈતિહાસના સંસોધન પ્રવુતિમાં ડેક્કન કોલેજ પુણેના સ્વ.પ્રો ડૉ. હસમુખ સાંકળિયા ના માર્ગદર્શન અને પ્રેરણામાંથી મ. સ યુનિવર્સીટીમાં ડૉ.;સુબ્બારાવે સંસોધન પ્રવુતિની શરૂઆત કરી તેમને સંસોધન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું. પાછળ થી સ્વ.ડૉ.આર.એન.મહેતા ની આગેવાની નીચે પ્રો.મલિક, ડૉ.ચૌધરી એ વિવિધ વિસ્તારોમાં આ પ્રવુતિ ચાલુ રાખી સંશોધન પ્રવાસો ઉત્ખનનો વગેરે કરી ગુજરાતમાં પ્રાગ તથા આદ્ય ઈતિહાસ પર સારો પ્રકાશ પાડ્યો.

ડેક્કન કોલેજે પુનાના પ્રાધ્યાપકો ડૉ. અનસારી, ડૉ. રાજ્ગુપ્ત, ડૉ.ખપ્પુ વગેરે એ સૌરાષ્ટ્ર તથા કચ્છમાં સંશોધન ક્ષેત્ર વધાર્યું. આ પ્રવુતિ સૌરાષ્ટ્ર-કચ્છમાં વિશેષ વિકાસ પામી.એમ.એસ.યુનિવર્સીટી વડોદરા અને રાજ્યના પુરાતત્વ ખાતાના સહયોગથી શામળાજી-૧૯૬૧, નાગલ-૧૮૬૧-૬૨, નગરા ૧૯૬૨-૬૫, ચાંપાનેર, પાવાગઢ ૧૯૬૯-૭૦, વલભીપુર ૧૯૮૦, સોમનાથ ૧૯૭૧-૭૨, અને ૧૯૭૫-૭૭, કારવણ ૧૯૭૪-૭૮, દ્વારકા ૧૯૭૦, ગોરજ ૧૯૮૨ -૮૭, ઉમતા ૧૯૮૭-૮૯, ખેતેશ્વર ૧૯૮૮-૮૯, પાદરી ૧૯૯૧-૯૫, ધોળાવીરા કચ્છ ૧૯૮૯, લોટેશ્વર ૧૯૯૧, સુરકોટડા ૧૯૭૦-૭૨, શિકારપુર ૧૯૮૭, ૮૮, ૮૯, અને ૯૦, નાગવાડા ૧૯૮૬-૯૦, સંથલી ૧૯૯૩, ઝેખડા, તરસંગ જિ.પંચમહાલ ૧૯૭૧ થી ૭૮.

**સૌરાષ્ટ્ર-કચ્છ :-**

**(૧) રોઝડી ઉત્ખનન :-**

ઈ.સ. ૧૯૬૨માં શ્રી નાથગઢ (રોઝડી) પાસે ભાદર નદીના ભાઠામાંથી પ્રથમવાર સ્વ.પ્રો. સાંકળીયા પાષણયુગના ઓજારો શોધી કાઢ્યા. સૌરાષ્ટ્ર ઘણીખરી હડપ્પીય વસાહતો નદીઓના કાંઠે વસેલી મળી છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકામાં આવેલ શ્રી નાથગઢ પાસેથી રોઝડીની હડપ્પીય વસાહતોનું ઉત્ખનન ૧૯૬૪માં થયું ત્યારબાદ ૧૯૮૨માં વૈજ્ઞાનિક ઢબે ખોદકામ થયું સૌરાષ્ટ્રની હડપ્પીય વસાહતોમાં રોઝડીનું સ્થાન મહત્વનું છે. પ્રથમ ટીંબાનો વિસ્તાર ઘણો વિશાળ છે. ઉત્તર દક્ષીણ લંબાઈ લગભગ ૫૦૦ મીટર અને પૂર્વ પશ્ચિમ પહોળાઈ ૧૫૦ મીટર છે. આશરે ૦.૪ મીટર ઉંચાઈ આ ટીંબાની છે. ભાદર નદીના જમણ કાંઠાની ઉત્તર દક્ષિણ ધારીએ આ ટીંબો પથરાયેલો છે. આ ટીંબો બે ભાગમાં વહેચાયેલો છે. રોઝડી નું બીજું મહત્વનું પાસું બંને ટીંબાઓની આવરી લેતી કિલ્લેબંધી મોટા કાલમીંઢ પથ્થરોને બે સમાંતર હારોમાં ગોઠવી મજબુત દીવાલનું નિર્માણ થયું હશે એવું પ્રાપ્ત અવશેષો પરથી જણાય છે.

રોઝડીના ટીંબા-૧ ઉપર ઉત્ખનન કરવામાં આવ્યું. તેમાંથી ઐતિહાસિક ક્ષત્રપકાલીન સંસ્કૃતિના અવશેષો મળે છે. મકાનોના પાયા તેમજ એકાદ મીટર ઉંચી એક ઓરડીની દીવાલ તે સમયના બાંધકામની કળા પર પ્રકાશ પાડે છે. તેમજ અતિ મહત્વની કહી શકાય તેવી બાબત છે. કેટલાક માટીના બનાવેલા વર્તુળાકાર જે કોઈ માટીના, કોઠીના તળિયાના ભાગ હશે તેમ જણાય છે. એક કોઠીમાંથી એક ૨ વર્ષના બાળકનું હાડપિંજર મળી આવ્યું છે જે પરથી જણાય છે કે ઓરડા અને કોઠીઓ બિસ્માર હતા. હડપ્પીય લોકોએ તેનો ઉપયોગ મનુષ્ય અસ્થી દાટવા માટે કર્યા હશે. કોઠીઓની આજુબાજુ કોલસાના ડણ સાથે કેટલાક વનસ્પતિના બી પણ શોધી કઢાયા છે. જેનું પુથ્થકરણ થયું છે. જયારે ટીંબા -૨માં ફક્ત હડપ્પીય વસાહતના અવશેષો પ્રાપ્ત થાય છે તેના પર મોટા પાયે ઉત્ખનન હાથ ધરાયું છે. તેમાં મોટા કહી શકાય તેવા મકાનો હારબંધ પાયા તે સમયની વસાહત આયોજન વિષે પ્રકાશ પડે છે. આ મકાનોમાં નાના મોટા ઓરડા આવેલા છે. મકાનો વસાહતના છેડે આવેલા હોઈ કદાચ પદ્ધતિસર બંધાયેલા નથી. તેના પાયામાં અણઘડ પથ્થરો નો ઉપયોગ કરવામાં આવ્યો છે. મકાનના વિસ્તારમાંથી અને અંદરથી ઉત્તર હડપ્પાકાલીન પાત્રખંડો સારા પ્રમાણમાં મળી આવ્યા છે. ખાસ કરીને વિશિષ્ટ પ્રકાર ના વાટકા, માધ્યમ કદના માટલા, મોટા માટલા, નાની કુહાડીઓ વગેરે મળી આવ્યા છે. જેમના એક ઉપર વિશિષ્ટ પત્તીઓની ડીઝાઇન છે. તે કદાચ પ્રથમ વાર કોઈ હડપ્પીય વસાહતમાંથી મળી હશે, બીજી એક અવનવી વસ્તુ છે. તાંબાની છરી અથવા પરશુ જેના અનંતગાંઠ અંક્તિ છે, આ પ્રકાર ની ડીઝાઇન મોહેન્જો દરો માંથી મળી છે. ઉત્તર હડપ્પા કાલીન વસાહતમાંથી કદાચ પ્રથમવાર જ એ આકૃતિના દર્શન થાય છે.

પાલતું પ્રાણીઓ અને જંગલી પ્રાણીઓના અવશેષો મળી આવ્યા છે, ખોરાક માં ઘઉં, બાજરો, માગ જેવા અનાજોનો ઉપયોગ થતો હશે. ભાદરના કાંઠે થતા ઘાસના બી મળી આવ્યા છે. કુંભારીપાત્રો, લાલ મુત્પાત્રો અને ભૂરા મૃત-પાત્રો હતા. અબરખીયા મૃત પાત્રો માત્ર નાના જથ્થામાં મળી આવ્યા હતા.

અહીના રહેવાસીઓ શરીરના અલંકારો માટે સેલખડીના ઝીણા મણકા પાકી માટીના નળીના ઘટના મણકાનો ઉપયોગ કરતા હતા. રોઝડીના ઉત્ખનન માંથી પકવેલી માટીના વૃષભના શરીરનો ભાગ મળ્યો છે.

ભાદરના કાંઠે હડપ્પીય લોકો ઠરીઠામ થયા તેના મુખ્ય બે કારણો છે. (૧) તેઓ સિંધુ ઘાટીના ફળદ્રુપ કાંપને આધારે ટેવાયેલ હોવાથી સૌરાષ્ટ્રની બારમાસી નદીના ખીણ નો પ્રદેશ પસંદ કાર્યો હશે. (૨) પાણી સાથે ભાદર કાંઠાની કાળી જમીન કંઇક અંશે તેમના આર્થિક વિકાસ માં સહાયક નીવડી હશે.

રોઝડીમાંથી મળેલી થાળી અને ઉંચી ડોકવળી બરણીના નમુના લાક્ષણિક રીતે ઉત્તરકાલીન હડપ્પીય ઘટ છે. રોઝડી-૧ આનો કાર્બન સમય પૂર્વે ૧૯૭૦+૧૧૫ અને ૧૭૪૫+૧૦૫ છે. રોઝડીમાં ઉત્તરકાલીન હડપ્પીય લોકોનું પહેલું આગમન ઈ.સ. પૂર્વે ૧૯૦૦માં કે સહેજ વહેલું થયેલું અંકાય. આ ઉત્તર કાલીન હડપ્પીય સંસ્કૃતિનો લગભગ ૧૬૦૦માં અંત આવ્યો.

**(૨) કુંતાસી :-**

સૌરાષ્ટ્રમાં રાજકોટ જીલ્લાના માળિયા તાલુકામાં આવેલા કુંતાસી ગામથી ૧/૨ કી.મી. દુર બીબીના ટીંબા તરીકે ઓળખાતા સ્થળે રાજ્યના પુરાતત્વખાતા અને પુનાની ડેક્કન કોલેજના પુરાતત્વ વિભાગના સંયુક્ત ઉપક્રમે ઈ.સ. ૧૯૮૭થી ખોદકામ કરતા તે પણ લોથલની જેમ જ એક સ્થળે બંદરીય વસાહત હશે. વહાણ લાંગરી શકાય તેવું પ્લેટફોર્મ કે તુતક માલના સંગ્રહ કરવાના ગોદામો અને અનેક પ્રકારના મણકા, તાંબા કાંસાની વસ્તુઓ, માટીના વાસણો બનાવવાના નાના કારખાના અને ભઠ્ઠીઓ મળી આવ્યા છે. આ વસાહત ને મધ્યપૂર્વના દેશો જીવવા કે બહેરીન, ઓમાન અને પ્રાચીન ઈરાક જોડે વ્યાપારી સબંધો હશે તેમ પણ જણાયુ છે. લાલ અને સફેદ રંગના વાસણો ઉપરાંત સેલખડીના મણકા, અકીકના અનેક પ્રકાર ના મણકા, લેપીસ નામના પથ્થરમાંથી બનાવેલા વિવિધ મણકા ખાસ ઉલ્લેખનીય છે. તાંબાના તીરના માથા ભાલાની આગળની ફરશી, છુરીઓ, કુહાડી, પાના વગેરે કુન્તાસીમાં સ્તઃપિત ઉદ્યોગ વિષે માહિત આપે છે. એક સમયે કચ્છના અખાતના પાણી કુંતાસી સુધી પહોચતા હશે તેવું જણાય છે. ભરતીના સમયે વહાણો ઉત્ખનનમાંથી મળેલ તુતક પર લાંગરતા હશે. વહાણોની હડપ્પીય વસાહતના ૨ તબ્બકાનું સમયાંકન અનુક્રમે ઈ.સ પૂર્વે ૨૨૦૦ – ઈ.સ પૂર્વે ૧૯૦૦ અને ઈ.સ પૂર્વે ૧૯૦૦ થી ઈ.સ પૂર્વે ૧૫૦૦ સુધી હોવાનું જણાય છે. પ્રથમ તબ્બકાની વસાહત વધારે વિસ્તૃત અને સમૃધ્ધ હતી. પણ ઈ.સ. પૂર્વે ૧૯૦૦ આસપાસ કોઈ પણ કારણો સર વેપાર ભાગી પડતા અગાઉની સમૃદ્ધિના વળતા પાણી થયા અને બીજા તબ્બકાના હડપ્પીય લોકો આર્થિક દ્રષ્ટીએ પછાત હોવાનું જણાય છે.

**(3) સોમનાથ (૧૯૭૧-૭૨ , ૧૯૭૫-૭૭ ) :-**

પ્રભાસતીર્થ હિરણ્યા નદીના સમુદ્ર સંગમ પર આવેલું છે. પ્રભાસ પતનની પૂર્વ દિશામાં સવના ટીંબા તરીકે જાણીતા સ્થળેથી ખોદકામ કરતા મળી આવેલા અવશેષો પદાર્થો તે મોહેન્જોદડો નો પર્યાય જણાય છે. આ પ્રદેશમાં કોઈ પ્રાચીનતમ વસાહત હતી. એ નષ્ટ થઇ ગઈ. થઇ ગઈ જયારે શીતળા માતાનું મંદિર નજીકનું સ્થળ નગરા કહેવાય છે. ડેક્કન કોલેજે નગરા(સોમનાથ)ના તીમ્બનું ઉત્ખનન કર્યું.

તેમાંથી આદિપાષણયુગના હસ્તિદર્શક મળી આવ્યા છે. એક વસ્તુત આજે સિદ્ધ થઇ ચુકી છે કે પ્રભાસની માનવ વસાહત ડૉ. હસમુખ સાંકળીયાના માટે હિરણ્યા નદીના તળના અભ્યાસને પરિણામે ૧ લાખ વર્ષથી પણ જુના સમયમાં ચાલી જાય છે. આ વસાહતા એમના માટે પહેલા આદિમાનવની હતી. સૌરાષ્ટ્રની હડપ્પીય અને અનુહડપ્પીય સંસ્કૃતિઓ પર સુમનબેનના અભ્યાસ દરમિયાન શેત્રુંજી નદીના મૂળ પ્રદેશના સંશોધન અભ્યાસ દરમિયાન જાણી શકાયું છે કે હડપ્પીય કાળમાં સૌરાષ્ટ્રના આ વિસ્તાર ને તળ ગુજરાતના સામા કાંઠે તાપી નદીના મૂળ વિસ્તારમાં આજના જેવો દરિયાઈ સંપર્ક હતો. "ઘેલા તથા કાળુભાર વિસ્તારમાં ઘણા હડપ્પીય સ્થળો મળી આવેલા કાળુભાર નદી વિસ્તારના ધાગંધ્રા ગામ પાસેથી મધ્ય પાષણયુગના ઓજારો મળી આવેલા છે.

**(૪) દ્વારકા ( ૧૯૭૯) :-**

સાહિત્યિક પુરાવાને પુરાવશેષીય પુરાવા સાથે સાંકળી શ્રી કૃષ્ણની દ્વારકા શોધવા પ્રો. સાંકળીયાની આગેવાની નીચે ડેક્કન કોલેજ ની હાલની દ્વારકાના સ્થળે ઉત્ખનન કરેલું. ડૉ. રાવે ઉત્ખનન કર્યું. પરંતુ મરીન આર્કિયોલોજી દ્વારા પણ દ્વારકાની પ્રાચીનતા જાણ્યા છતાં કૃષ્ણ સાથે તેને સાંકળી શકાઈ નથી.

ઈ.સ ૧૯૮૦માં વલભીપુરમાં, પાદરીમાં ૧૯૯૧-૯૫ કે. કે. ભાણે જામનગર જીલ્લામાં ૧૯૮૪માં અને વી.કે.જયરથે ૧૯૮૮માં ભાવનગર જીલ્લામાં ઉત્ખનન કરી કુદરતી ઐતિહાસિક વસાહતો, તેમાંના સ્થાપત્ય ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રકાશ પાડ્યો. હિન્દ, બૌદ્ધ, અને જૈન સ્થાપત્યો, શિલાલેખો, સિક્કાઓ, વાસણો, પથ્થર, હાડકા, છીપ, પ્યાલા, ધાતુની વસ્તુઓ શોધી કાઢી હતી.

સૌરાષ્ટ્રમાં પ્રાગૈતિહાસિક સંસ્કૃતિના વસાહતો જેવી કે નાગેશ્વર અને પાદરી તેમાંથી મળતી સંસ્કુતિ નવપાષણકાલની નથી, પણ ભારતમાંથી મળતી પ્રાગ હડપ્પીય સંસ્કૃતિનીસમકાલીન છે. તથા અન્ય વસાહતો જેવી કે પિથડ (જામનગર) મોટી પીપળી અને બગસરા માંથી પુરાતન અવશેષો પ્રાપ્ત થયેલા.

**(૫) શિકારપુર :-**

સિંધુખીણની સભ્યતા ગુજરાતના કચ્છમાં સુરકોટડા, દેશળપર, નવી નાળ, શિકારપુર જેવા સ્થળે વિસ્તરેલી હતી. શિકારપુર કચ્છના ભચાઉ તાલુકામાં આવેલું એક નાનું ગામ છે. આ ગામની દક્ષિણ પશ્ચિમે ૫ કી.મી.ના અંતરે વાલમિયા ટીંબો નામનો એક ટેકરો છે. શિકારપુરનો આ વાલમીયો ટીંબો જુદાજુદા ત્રણ ટીંબાનો સમૂહ છે. તે ૨૩૬ મીટર પૂર્વ પશ્ચિમ X ૨૨૪ મીટર ઉત્તર-દક્ષિણ જેટલો વિસ્તાર ધરાવે છે. અને આ બે ટીંબા આસપાસની જમીન તળથી ૫ થી ૬ મીટર જેટલી ઉંચાઈ ધરાવે છે. સ્વ.પ્રો.આર.એન.મહેતાના માટે વાલુ વેળુ મૂળ રેતીનો બનેલો હાથના કારણે વાલમીયો ટીંબો કહેવાયો હશે. ગુજરાત રાજ્યના પુરાતત્વ તરફથી શિકારપુરના વાલમિયા ટીંબા પર ઈ.સ. ૧૯૮૭-૮૮ , ૧૯૮૮-૮૯ અને ૧૯૮૯ -૯૦ એમ ત્રણ વર્ષ સુધી ઉત્ખનન કરવામાં આવ્યું. આ ટીંબાની પશ્ચિમે એક સુકાઈ ગયેલી નદી છે. જે હાલ પૂરી ગઈ છે. પરંતુ તત્કાલીન સમયમાં આ નદી અને દરિયાનો વેપાર અર્થે કોઈ સંબંધ રહ્યો હશે. આ ટીંબામાંથી મળી આવેલ દીવાલ ૭ થી ૮ મીટર ની પહોળાઈ ધરાવે છે. આ દીવાલ

માટીની કાચી ઈંટોમાંથી બનાવેલ છે. તેમજ ઘરના ઓરડાનું બાંધકામ મળી આવ્યું છે. જે કાચી માટીથીબનેલા ઘરો મળી આવ્યા તેમજ અંડાકાર ચૂલા અને ભઠ્ઠીઓ મળી આવી.

આ ટીંબાઓમાંથી પકવેલી માટીની તકતીઓ જે ત્રિકોણાકાર છે. તે વિપુલ પ્રમાણમાં મળે છે. તેનો ઉપયોગ વિષે ખાસ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. મણકા શિકારપુરના ઉત્ખનન માંથી અકીક, કોર્નલિયન, જેસ્પર, ચર્ટ, સ્ટીએટાઈટ, અને લુગદી ના બનેલા જુદા જુદા મણકા મળી આવેલા છે. આ મણકાઓને છેદવા માટે સારડી જેવા સાધનો પણ મળી આવેલ છે, વિશેષ સંખ્યામાં મળેલા આ મણકાઓ આ લોકોને આભુષણ પ્રિયતાના ચિરંજીવી નમુના છે. બંગડીઓ બે પ્રકારની છે તેમાં (૧) પકવેલી માટીની બંગડીઓ (૨) શંખ ની બંગડીઓ. આ બંગડી ઓના ટુકડા પણ મોટા પ્રમાણમાં મળી આવ્યા છે. શંખના વિવિધ આકારે કાપેલા ચકતા અને રાખની વચ્ચે ના ભાગ બંગડી બનાવતા. તેમાંથી નીકળતો નકામો ભાગ અને કચરો વગેરે અહી શંખ ની બંગડી બનાવાવનો ઉદ્યોગ હોવાનું પુરવાર કરે છે.

આ પુરાવશેષોમાં રમકડા જેવા કે બળદ, ઘેટું, બળદગાડા, લખોટીઓ, ફેંકવાના ગોળા મળી આવ્યા છે. મોટી સંખ્યામાં પથ્થરની પતરીઓ, વટવા માટેની શીલાઓ, પાકેલી માટીના પાત્રખંડોમાં ચિત્રિત લાલ અને સાદા વાસણો તેમજ તાસકો, વાડકા, તબ, મોટી કોઠીઓ, ફૂલદાની વગેરે મળી આવેલા છે.

**(૬) ધોળાવીરા (કોટડો) :-**

ભુજ થી લગભગ ૧૪૦ કી.મી દુર  ભચાઉ તાલુકાના મોટા રણની ખડી બેટના ધોળાવીરા ગામ થી લગભગ બે કિમી દુર આવેલું હડપ્પીય સંસ્કૃતિનું જ નહિ, વિશ્વનું સૌથી મોટું વ્યવસ્થિત અને પ્રાચીન નગર મળી આવેલ છે. આ ટીંબા વિષે સૌપ્રથમ સંભુદાન ગઢવી એ ઈ.સ ૧૯૬૭માં માહિતી આપી હતી. ઈ.સ૧૯૬૭-૬૮ માં ભારતીય પુરાવસ્તુ સર્વેક્ષણની પશ્ચિમ વર્તુળ વડોદરા સ્થિત કચેરીના નિયામક જગતપતિએ કોટડાની મુલાકાત લીધેલી. અને સિંધુ સંસ્કૃતિની વિશાળ વસાહત હોવાનો ચોક્કસ અભિપ્રાય આપ્યો. તેથી ઈ.સ.૧૯૯૦માં શ્રી રવિશંકર બિસ્તના નેતૃત્વ નીચે ઉત્ખનન થયું. ધોળાવીરા ની આ વસાહત ૧૦૦ હેક્ટર માં પથરાયેલી છે. ધોળાવીરાનો શાબ્દિક અર્થ ધોળા 'સફેદ' અને વીરા 'કુવો' એમ થાય છે. લગભગ ૧૨ મીટર ઉંચી દીવાલો કિલ્લેબંધી ધરાવતા આ નગરની રચના સિંધુ સંસ્કૃતિના અન્ય નગરો જેવી છે. આ નગર ત્રણ વિભાગમાં વહેચાયેલું જોવા મળે છે.

(૧) રાજદરબાર કે પ્રમુખ શાસનધિકારીનું રહેઠાણ(સિટેડલ)

(૨) અન્ય અધિકારીઓના આવાસ (અપર ટાઉન)

(૩) સામાન્ય નગર જનોના આવાસ (લોઅર ટાઉન)

કિલ્લા, મહેલો તથા મુખ્ય દીવાલોને જે સફેદ રંગ કરવામાં આવ્યો છે તે હજુ આજે પણ ચમકે છે. નગરની કિલ્લેબંધી ની મજબુત સુરક્ષા વ્યવસ્થા છે. આ દીવાલ, માટી, પથ્થર અને ઈંટોમાંથી બનાવેલ છે.

**રાજમહેલ :-**

કિલ્લાના મધ્યભાગમાં ઊંચાણવાળી જગ્યાએ રાજમહેલ આવેલો છે. તે નગરના પ્રમુખ શાસકનું રહેઠાણ મનાય છે. તે ખુબ મજબુત કિલ્લાની સુરક્ષિત છે. તેને ચાર દરવાજા છે. પથ્થરના સ્તંભમાં ઉત્તમ કોતરણી છે. મહેલમાં પાણીની ટાંકી અને પાણી લઇ આવનાર ભૂગર્ભ નાળું પણ છે. એટલું જ નહિ આ નાળામાં પાણીનો કચરો અને રેતી તળિયે બેસી જાય અને હોજમાં ચોખ્ખું પાણી આવે તેવી ગાળણ પદ્ધતિની વ્યવસ્થા પણ છે. અહી મોટું સ્નાનાગાર અને રમતનું મોટું મેદાન પણ છે.

**ઉપલું નગર :-**

મુખ્ય મહેલથી થોડે દુર (અપર ડાઉન) ઉપલું નગર આવેલું છે. જેમાં નગરના સુખી, લોકો, વેપારીઓ, અને અધિકારીઓ રહેતા હશે. તેમાં ૨ થી ૫ ઓરડાવાળા પથ્થરના મકાનો છે. આ નગર ને મજબુત રક્ષણાત્મક દીવાલો પણ છે. ચારે બાજુ ખુલ્લી જગ્યા છે. આ નગરમાં સુવ્યવસ્થિત ગલીઓની રચના જોવા મળતી નથી. કદાચ ચષ્ટ થઇ ગયેલ હોય અહીની ઇમારતોમાં એક ઓરડી અને સીડી પણ છે. આ નગર લગભગ ૩૦૦ મીટરના વિસ્તારમાં ફેલાયેલું છે. તેમાં આગળના એક ભાગમાં કુવો પણ છે.

**નીચલું નગર :-**

નગરનો ત્રીજો ભાગ(લોઅર ટાઉન) કે જેમાં કારીગરો અને શ્રમિકોનો વર્ગ વસતો હશે. આ વિભાગના મકાનોની ઈંટો હાથ બનાવટની અણઘડ અને સફાઈ વિહીન છે. અહીંથી માટીના વાસણો મળ્યા છે. તે લાલ અને ગુલાબી રંગના અને મોટાભાગના હાથ બનાવટના છે. અહી ઘરેણા બનાવવાની દુકાનોની મોટી હર મળી છે. તેથી અહી કારીગરોની વસ્તી હોવાનું સિધ્ધ થાય છે.

**ઉત્ખનન દરમિયાન પ્રાપ્ત પુરાવા : -**

આ નગર વેપાર વાણિજ્ય અને હસ્ત ઉદ્યોગનું મોટું કેન્દ્ર હોવાનું જણાય છે. પથ્થરમાં મળેલા તમ્બને છુટી પાડવાની ભઠ્ઠી, હથિયાર બનાવવાના ઉપકરણો, અનેક પ્રકાસ્રના માટીના લાલ-ગુલાબી રંગના વાસણો, શંખ તેમજ ધાતુની બંગડીઓ, વિવિધ પ્રકારના મોતીના મણકાઓ, વીંટીઓ, સોનાના આભૂષણો, પકવેલી માટીના દાંતિયા, છીપની ગોળાકાર રીંગ મળી આવી છે . આ બધા પુરાવા પરથી જણાય છે કે આ બધા લોકો સુખ સંપન્ન હશે.

સિંધુ સંસ્કૃતિમાંથી મળી આવેલ ચિત્રલીપી જેવું લખાણ અહીંથી મળે છે. થોડાક અક્ષરો જુદા પડે છે. આ લીપી ઉકેલાય ત્યારે જ ખબર પડે કે આ લખાણ શાનું છે, તે ઉકેલવા અથાગ પ્રયત્નો થયા છે. પરંતુ હજુ સુધી સફળતા મળી નથી. પોલિશ કરેલો પથ્થરનો સ્તંભ મળી આવેલો છે. નગર બહાર કબ્રસ્તાન મળ્યું છે. અહી લગભગ ૬૦૦ વર્ષ સુધી હડપ્પીય સંસ્કૃતિ રહ્યાનું અનુમાન છે. પછી તેનો અંત થવા પામ્યો હોય. તેનો સમયગાળો ઈ.સ. પૂર્વે ૨૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૯૦૦ નક્કી કરવામાં આવ્યો હોય. આ સ્થળના મુખ્ય અધિકારી (ઉત્ખનન) શ્રી બિસ્તના જણાવ્યા મુજબ ધોળાવીરામાં દેશની સૌપ્રથમ મુખ્ય વસાહત મળી આવી હતી. ત્યાં રહેતા લોકો અન્યત્ર જ્યાં જ્યાં હડપ્પીય લોકો વસતા હતા, ત્યાં તેમનો વેપાર ધંધો એ સમયના પશ્ચિમ દેશો મેસોપોટેમીયા, ઈરાન મધ્ય એશિયા તેમજ અખાતી દેશોમાં

હતો. ત્યાં કોઈ પ્રચંડ રાજકીય ઉથલ પાથલ થતા તેની સાથે અહીના વેપાર સંબંધો કપાઈ જતા હડપ્પીય લોકોના ધંધા રોજગાર એકાએક પડી ભાગતા તેઓ પછી ત્યારબાદ ત્યાંથી સ્થળાંતર કરી ગયા હશે. અને વસાહતો એમ જ ખાલી પડી રહી હશે. બીજું કારણ આપતા તેઓ જણાવે છે કે તે સમયમાં હવામાનમાં અચાનક ફેરફાર થતા માનવજાતનો વિનાશ થવા પામ્યો હોય, ધોળાવીરાના અંત વિષે તેઓ વિશેષમાં જણાવે છે કે તે સમયના યુગ દરમિયાન એક તબક્કે ધરતીકંપ અગર તો બીજી કોઈ કુદરતી આફતથી આ નગરને ભારે નુકશાન થયું હોવું જોઈએ. કોઈ રાજકીય કે પ્રાકૃતિક કારણો સર આ નગરે તેની જાહોજલાલી-સમૃધ્ધિ ગુમાવી દીધી હોય તેમ જણાય છે. ધોળાવીરામાં સંશોધન પૂર્ણ થયા બાદ નિશ્ચિત અનુમાનો અને તારણો નીકળે પછી જ કશું ચોક્કસપણે કહી શકાય.

ઈ.સ. ૧૯૪૭માં ભારતના ભાગલા પછી સિંધુ સંસ્કૃતિનું તે એક મોટું નગર છે. ઈ.સ ૧૯૬૯માં સ્વ. ડૉ.કે.કા. શાસ્ત્રીએ કચ્છના લખપત તાલુકના જુના પાટગઢની પૂર્વે-દક્ષિણે કોટેશ્વર મહેન્દ્ર તથા કોટેશ્વર માતાના મંદિરોથી પશ્ચિમ બાજુના પહાડમાં ઇસુની ૩ શતાપ્દીના સમયની શેષ ઉત્કીર્ણ ગુફાઓ શોધી કાઢી છે. તે બૌદ્ધ ગુફાઓ હોવાનું માને છે.

સિયોતમાંથી મળેલા બૌદ્ધ અવશેષો ખુબ ઐતિહાસિક મહત્વના છે. ઈ.સ ૧૯૮૮-૮૯માં જય પ્રકાશે એક મોટી અને સાત નાની ગુફાઓનું ચૈત્ય ગૃહ, પ્રદક્ષિણા પક્ષ તથા ભંડાર કક્ષ શોધી કાઢ્યા. તેમાં સૂર્યના તાપમાં પકવેલી માટીની તકતીની, મૂર્તિઓ, સિક્કાઓ મળી આવ્યા છે.

લખપત તાલુકાના દોલતપુર ગામેથી ઈ.સ ૧૯૬૭માં શોધી કાઢવામાં આવેલ સ્તંભ અભિલેખ. તેમાં છેલ્લી લીટી માં પંભે –ભિકૃતે એવું વાંચી શકાય છે. તેમાં સર્વ પ્રથમવાર આભીર રાજા ઈશ્વરદેવનું નામ વાંચી શકાય છે. જે સૂચવે છે કે ક્ષત્રપકાળમાં આભીરોનું અસ્તીત્વ હતું.

ઈ.સ ૧૯૭૦-૭૨ના સુરકોટડાના ખોદકામ દરમિયાન મળેલી સેલખડીની એક મુદ્રા ઉપર લખાણવાળી એક શૃંગી પશુની આકૃતિ કંડારેલ છે.

**(૭) ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાત**

ડૉ. આર.ટી.પરીખે બનાસકાંઠા જીલ્લામાં કરેલા પુરાતત્વીય સર્વેક્ષણ દરમિયાન સાંતલપુર તાલુકાના રામપુરા અને અંગુરીય ગામોમાં લઘુપાષણયુગના ઓજારો જેવા કે પતરીઓ, છોલણીયા, હાથકુહાડી-રંધા વગેરે મળી આવ્યા છે. આ જ તાલુકાના ઝેખડા ગમે અન્સારીના ટેકરાના ઉત્ખનન દરમિયાન આદ્ય ઐતિહાસિક સમયના અવશેષો મળી આવ્યા છે. ગેવરે રાધનપુરમાંથી શોધી કાઢેલ અર્જુન સરનો ધોધ પૂર્વ મૌર્ય કાલીન વસવાટનો નિર્દેશ કરેલ છે.

ડાભેલા (તા.પાલનપુર) વડાવલ (તા.ડીસા) માંથી લઘુપાષણયુગના પથ્થરો ઓજારો મળી આવ્યા છે. અમીરગઢમાંથી રાજા અને રાણીનો ટેકરો ઝેકડાના ઉત્ખનન દરમિયાન મળેલા પુરાવશેષો હડપ્પન સભ્યતાનો નિર્દેશ કરે છે. આ જીલ્લાના અમીરગઢ - ડાભેલા – બાલુન્દ્રા - રામપુરા - કરઝા - સરોત્રામાંથી નવપાષણકાલીન છોલણીયા –પતરીઓ – હાથકુહાડી - રંધા જેવા ઓજારો મળી આવ્યા છે.

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકામા આવેલા શામળાજી પાસે દેવનીમોરી ગામે ભોજ રાજાના ટીંબામાંથી(૧૯૫૯-૬૩) ઉત્ખનન કરતા સ્વ.ડૉ. આરે.એન.મહેતા અને ડૉ. સૂર્યકાંત ચૌધરી એ સુંદર મહા સ્તુપ – બુદ્ધના શરીરાવશેષ સાથેના પથ્થરનો દાબડો ઐતિહાસિક પુરાવાઓ સાથે શોધી કાઢ્યો છે. તેમાંથી બુદ્ધની સુંદર મૂર્તિઓ, સુશોભનો, કમાનો, તકતીઓ, વગેરે મળી આવ્યા છે. વિહારના પ્રથમ ઓરડાના પ્રવેશદ્વારાની નજીકથી ૩૯ સિક્કાનો એક નિધિ તેમજ સૂપના પ્રથમ પીઠીકાના ટોચના ભાગના મધ્ય માંથી ૮ સિક્કાઓનો બીજો નિધિ મળ્યો હતો.

મહેસાણા જીલ્લાના પાટણમાં ૧૯૭૯માં ઉત્ખનન કરવામાં આવ્યું. ઇસ. ૧૯૮૬માં ભારત સરકારના પુરાતત્વ ખાતા તરફથી ખોદકામ, સમારકામ કરવામાં આવ્યું. ગુજરાતની સર્વોત્તમ કોતરણી વાળી રાણકી વાવ જણાય છે. સહસ્ત્રલિંગ તળાવ મળી આવ્યું છે.

વડનગર ઉત્ખનન દરમિયાન તાજેતરમાં બૌદ્ધ વિહરના અવશેષો મળી આવ્યા છે. ઈ.સ ૧૯૮૭-૮૯માં ઉમતાના રાજગઢીના ટીંબાના ઉત્ખનન દરમિયાન જિનાલયના અવશેષો જૈન પ્રતિમાઓ સાથે મળી આવ્યા છે, જુદા જુદા સમયની અનેક સલેખ પ્રતિમાઓ મળી આવી છે.

ઈ.સ ૧૯૯૧માં લોટેશ્વર અને રતનપુરામાં ઉત્ખનન મહત્વના પુરાવાઓ મળી આવ્યા છે. પથ્થરના ઓજારોનો ઉપયોગ કરતા ગયો કે ઘેટાઓ જેવા પશુઓ રાખતા, ખેતીનું પ્રાથમિક જ્ઞાન ધરાવતા, શિકાર કરીને લોકો પોતાનો ખોરાક મેળવતા હતા. ઈ.સ ૧૯૬૪માં કે.ટી.એમ.હેગડે અને જી.જે.વેન.રાઈટે નર્મદાની ખીણમાં જમીનમાં દટાયેલો શબોમાં ઊંડાણથી અભ્યાસ કર્યો.

ઈ.સ ૧૯૬૯-૭૦માં સ્વ.ડૉ.આર.એન.મહેતા એ પાવાગઢ-ચાંપાનેરમાં ઉત્ખનન કરીને પ્રાગૈતિહાસિક પુરાવશેષો નાદિયન કિનારેથી સપાટી પર પાત્રના ઓજારો શોધી કાઢ્યા. ઈ.સ. ૧૯૬૪-૭૮માં કારવણમાં ઉત્ખનન કરવામાં આવ્યું.

ઈ.સ ૧૯૭૧-૭૮ના સમય દરમિયાન પંચમહાલ જીલ્લામાં મહી નદી પર આવેલા વણાંકબોરી બંધની સામે તરસંગમાં ઉત્ખનન કરીને પ્રાગૈતિહાસિક પુરાવશેષો શોધી કાઢ્યા.

આ સમગ્ર ચર્ચા નિષ્કર્ષ રૂપે કહી શકાય કે પુરાતત્વીય ક્ષેત્રે હજુ વધુ સંશોધન ને અવકાશ છે. પુરાતત્વીય ઉત્ખનન થી જે તે પ્રદેશનો આધારભૂત ઈતિહાસ જાણી શકાય છે. ઈ.સ ૧૯૬૦ પછી ગુજરાતમાં થયેલ પુરાતત્વીય શોધ ખોળોએ ધરતીના પેટાળમાં ધરબાયેલી અનેક સંસ્કૃતિઓને બહાર લાવી. ગુજરાત અને ભારતને વિશ્વના પુરાતનકાળના નકશામાં યોગ્ય સ્થાન અપાવ્યું છે.

## પાદટીપ

(૧) પથિક-ઓકટો-નવે.-ડિસે. ૨૦૦૦ વર્ષ – ૪૧ મુ અંક- ૧,૨,૩, પૃ. ૧૫૭-૧૫૬

(૨) એજન પૃ.૧૫૩

(૩) નરોત્તમ પલાણ- કે.કો.શાસ્ત્રી ગ્વાલ ગ્રંથ પૃ.૭૯

(૪) પથિક-ઓકટો-નવે.-ડિસે. ૧૯૯૯ પૃ. ૬-૮

(૫) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ -૧ , પૃ.૧૮૫

(૬) પથિક-ઓકટો-નવે.-ડિસે. ૧૯૯૯ પૃ. ૯

(૭) કે.કો.શાસ્ત્રી . ‘ અતીતના આરે ‘ પૃ ૧૩૯-૧૪૦

(૮) કે.કો.શાસ્ત્રી – ગ્વાલ ગ્રંથ (સંપા. નરોત્તમ પલાણ ) પૃ.૮૦

(૯) એજન પૃ.૮૩

(૧૦) એજન પૃ.૮૦

(૧૧) પથિક દિપોત્સવી અંક વર્ષ ૨૦૦૦ પૃ.૧૫૬

(૧૨) પથિક દિપોત્સવી અંક વર્ષ ૧૯૯૯ પૃ.૧૦-૧૪

(૧૩) પથિક દિપોત્સવી અંક વર્ષ ૧૯૯૯ પૃ.૩,૮

(૧૪) કે.કો.શાસ્ત્રી – કચ્છના પ્રાચીન ઈતિહાસમાં ડોકિયું પથિક , વર્ષ ૬ અંક ૧૦-૧૨ પૃ.૩૧-૩૨

(૧૫) મુકુન્દ રાવળ અને માણેક વર્મા , ‘ કચ્છ માં મળેલા બૌદ્ધ પંથ ના અવશેષો

(૧૬) પથિક ૩૭ માં દીપોત્સવાંક – ૧૯૯૭ પૃ.૩૦

(૧૭) રવિ હજરનીસ – ગુજરાતની શિલ્પ સમૃધ્ધિ પૃ.૪

(૧૮) સ્ટેટ ગેઝેટિયર બનાસકાંઠા ડીસ્ટ્રીકટ પૃ.૯૩

(૧૯) એજન પૃ.૭૭૩

(૨૦) એજન પૃ. ૭૭૯૭૮૧

(૨૧) Dr. R.N.Mehta & Dr.S.N Chaudhary - ' Excavation at Devnimori ' P-104

(૨૨) આર.ટી.સાવલિયા- ‘ રાણીવાવ પાટણની કેટલીક યુગલ પ્રતિમાઓ ‘ ‘ સામીપ્ય , પૃ-૯, અંક ૩-૪, ૧૯૯૨-૯૩

(૨૩) પથિક-જાન્યુ.૧૯૯૭ વર્ષ-૩૬ , અંક-૪ , પૃ.૨-૪

(૨૪) પથિક-ઓકટો-નવે.-ડિસે. ૨૦૦૦ પૃ.૧૫૧

(૨૫) એજન પૃ.૧૪૯